# ચેક કલેક્શન પોલિસી

ક્ષેત્રઃ DBS Bank Indiaની

જારીકર્તાઃ GTS & T&O

આવૃત્તિ: 3.0


આ દસ્તાવેજનો કોઈપણ ભાગ અધિકૃત પ્રસિદ્ધિ સિવાય DBS જૂથની બહાર કોઈપણ સ્વરૂપમાં પુનઃપ્રસિદ્ધ કરી શકાશે નહીં.

## 1 પ્રસ્તાવના અને માર્ગદર્શક સિદ્ધાંતો

બેન્કની ચેક કલેક્શન પોલિસી અમારા ગ્રાહકોને સર્વશ્રેષ્ઠ કક્ષાની સેવાઓ પુરી પાડવાના પ્રયત્નો દર્શાવે છે અને કામગીરીના **ઊચ્ચ ધારાધોરણો નિર્ધારિત કરે છે. આ પોલિસી પારદર્શિતા અને ગ્રાહકો સાથે યોગ્ય વર્તન કરવાના સિદ્ધાંતો ઉપર** આધારિત છે. અમે અમારા ગ્રાહકોને ત્વરિત કલેક્શન સેવાઓ પુરી પાડવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા માટે કટિબદ્ધ છીએ. આ પોલિસી દસ્તાવેજ નીચે જણાવેલા પાસાંઓ આવરી લે છેઃ

- ભારતમાં અને વિદેશમાં સેન્ટર્સ પર ચુકવવાપાત્ર ચેકનું કલેક્શન અને અન્ય ઇન્સ્ટ્રુમેન્ટ્સ.
- ઇન્સ્ટ્રુમેન્ટ્સના કલેક્શન માટે સમયસીમા સંબંધિત ધારાધોરણો પરત્વે અમારી કટિબદ્ધતા.
- ચેકની રકમ મેળવવામાં નિર્ધારિત સમયસીમા બાદ જ્યારે વિલંબ થયો હોય તેવા કિસ્સાઓમાં વ્યાજની ચુકવણી.
- હેરફેર દરમિયાન ગુમ થયેલા કલેક્શન ઇન્સ્ટ્રુમેન્ટ્સના કિસ્સામાં કામગીરી.

આ પોલિસી તમામ DBIL શાખાઓને લાગુ પડે છે. ચેક કલેક્શન પોલિસી (CCP)ની નકલ ગ્રાહક દ્વારા વિનંતી કરવા પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાં, CCP બેન્કની વેબસાઇટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે અને શાખાની નોટિસ બોર્ડ ફાઇલ્સમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## 2 નીતિ

**કલેક્શન માટે વ્યવસ્થા**

તેની નોંધ લઇ શકાય કે એકાઉન્ટ પેયી ચેક માત્ર ખાતાધારકના ખાતામાં જ જમા કરાવવામાં આવશે અને કોઈ તૃતીય-પક્ષકારના ખાતામાં જમા કરાવવામાં આવશે નહીં.

**ચેક કલેક્શન**

તમામ CTS સુસંગત ચેક અને અન્ય નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ જે નેશનલ ગ્રિડ સિસ્ટમ અંતર્ગત ચુકવવાપાત્ર છે તે જે-તે સેન્ટર પર પ્રવર્તમાન ક્લિયરિંગ સિસ્ટમ મારફતે રજૂ કરવામાં આવશે. શાખાના કામકાજના દિવસો પર અમારી શાખા પર બપોરે 1:30 પહેલાં અને શાખાના પરિસરોમાં અમારા ચેક કલેક્શન બોક્સ પર બપોરે 1:30 સુધી જમા કરાવવામાં આવેલા ચેકો તે જ દિવસે ક્લિયરિંગ માટે રજૂ કરવામાં આવશે અને કટ-ઓફ સમય બાદ જમા કરાવેલા ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સ આગામી કામકાજ દિવસોની ક્લિયરિંગ સાઇકલમાં રજૂ કરવામાં આવશે. નીતિગત બાબત તરીકે, બેન્ક ગ્રાહકના ખાતામાં આ રકમ નાણા પ્રાપ્ત થવાના દિવસે જ જમા કરશે.

જો ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સમાં કોઈપણ વિસંગતતા મળી આવે તો ઉપરોક્ત સમયસીમા લાગુ પડતી નથી. ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સની સ્વીકૃતી માટે શાખાનો કટ-ઓફ સમય અને સેન્ટરની યાદી DBS શાખાઓ પરથી મેળવી શકાય છે.

અમારી બેન્કની પોતાની શાખાઓ ઉપર લખવામાં આવેલા ચેક, ડ્રાફ્ટ, પે ઓર્ડર અને બેન્કર ચેકના કલેક્શનનો સમય (ટ્રાન્સફર ચેક) - બેન્કના તમામ કાઉન્ટર ઉપર જમા કરાવવામાં આવેલા આવા તમામ ચેક તે જ દિવસે જમા કરવામાં આવશે.

ક્લિયરિંગની સમય મર્યાદામાં RBIની ક્લિયરિંગ સંબંધિત સમય મર્યાદાઓ અનુસાર ફેરફાર થઈ શકે છે. કોઈપણ વધુ ફેરફારો અથવા ચોક્કસ કટ-ઓફ સમય તમારી સુગમતા માટે અમારી શાખાની નોટિસ બોર્ડ ઉપર અને ચેક ડ્રોપ-બોક્સ સ્થાનોએ સ્પષ્ટપણે દેખાય તે રીતે પ્રદર્શિત કરવામાં આવશે. અમે સૌથી અદ્યતન માહિતી માટે ગ્રાહકોને આ નોટિસ નિયમિતપણે ચકાસવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

**એકાઉન્ટ પેયી ચેકનું કલેક્શન - તૃતીય પક્ષકારના ખાતામાં પ્રાપ્ત થયેલી રકમ જમા કરવા ઉપર પ્રતિબંધઃ**

જેના નામ પર ચેક લખવામાં આવ્યો છે તેવા ખાતાધારક સિવાય અન્ય કોઈ વ્યક્તિ માટે એકાઉન્ટ પેયી ચેક કલેક્ટ કરવામાં આવશે નહીં. બેન્ક તેમના ગ્રાહકોના ખાતામાં રૂપિયા પચાસ હજારથી વધારે ન હોય તેવી રકમ માટે એકાઉન્ટ પેયી ચેક કલેક્ટ કરવાનો વિકલ્પ ધરાવે છે જે કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી છે, પરંતુ શરત તે છે કે આવા ચેકના નાણા મેળવનાર આવી કો-ઓપરેટિવ સોસાયટીનો ખાતાધારક હોય.

**કર્તાના નામ પર લખવામાં આવેલા ચેક**

એકાઉન્ટ પેયી ચેક જેના નામ ઉપર ચેક લખવામાં આવ્યો છે તે ખાતાધારક સિવાય કોઈ વ્યક્તિ માટે કલેક્ટ કરવામાં આવશે નહીં અને બેન્ક દ્વારા HUFના ખાતા માટે 'કર્તા'ના નામ ઉપર લખવામાં આવેલા ઇન્સ્ટ્રુમેન્ટ કલેક્ટ કરવા પર પ્રતિબંધ નથી.

આ માટે, બેન્કે HUFના નામનું ખાતું ખોલાવતી વખતે ખાતાધારક પાસેથી સુચના મેળવવાની રહે છે કે કર્તાની તરફેણમાં લખવામાં આવેલા ચેક ખાતામાં કલેક્ટ કરી શકાય છે અથવા ખાતા પર લખવામાં આવેલા ચેક કર્તાના નામ પર જમા લઇ શકાય છે.

**ટેક્નિકલ કારણોસર રિટર્ન થયેલા ચેક ફરી રજૂ થવામાં વિલંબ અને આવા રિટર્ન માટે લાગુ પડતાં ચાર્જિસઃ**

તમે જાણો છો તેમ, તે અપેક્ષિત છે કે બેન્ક ગ્રાહકોને વાજબી પૂર્વ નોટિસ સાથે તેમની ચેક કલેક્શન પોલિસી (CCP)માં ચેકના નાણા જમા કરવા માટે સમયસીમા અને ચેક રિટર્ન થવા માટે લાગુ પડતાં ચાર્જિસ સ્પષ્ટપણે દર્શાવે.

ચેક રિટર્ન ચાર્જિસ માત્ર તેવા કિસ્સાઓમાં જ લાગુ પાડવામાં આવશે જ્યારે ભૂલ ગ્રાહકની હોય અને તે આવા રિટર્ન માટે જવાબદાર છે.

પ્રતિકાત્મક, પરંતુ સંપૂર્ણ ન હોય તેવું રિટર્નનું લિસ્ટ, જ્યાં ગ્રાહકોની ભૂલ નથી તે નીચે અનુસૂચિ Iમાં દર્શાવવામાં આવ્યું છે.

પેયીને કોઈ સૂચના આપ્યાં વગર ફરી રજૂ કરવાના ચેક SMS એલર્ટ, ઇમેલ વગેરે મારફતે આવી રીતે ફરી રજૂ કરવા અંગે ગ્રાહકોને યોગ્ય સૂચના આપીને 24 કલાકથી વધુ વિલંબ ન થાય તે રીતે (રજાઓ સિવાય) તરત જ ત્યારપછીના ક્લિયરિંગ માટે રજૂ કરવામાં આવશે.

**<u>અનુસૂચિ I</u>**

| કોડ નં. | રિટર્નનું કારણ |
|---|---|
| 33 | વિકૃત ઇન્સ્ટ્રુમેન્ટ; બેન્ક ગેરન્ટીની જરૂર હોય |
| 35 | ક્લિયરિંગ હાઉસનો સ્ટેમ્પ / તારીખની જરૂર હોય |
| 36 | ખોટી રીતે ડિલિવર થયો હોય/ અમારી ઉપર લખાયો ન હોય |
| 37 | યોગ્ય ઝોનમાં રજૂ કરવાનો હોય |
| 38 | ઇન્સ્ટ્રુમેન્ટમાં અસંબંધિત બાબતોનો સમાવેશ થતો હોય |
| 39 | ઇમેજ સાફ ન હોય; કાગળ સાથે ફરી રજૂ કરવાનો હોય |
| 40 | દસ્તાવેજ સાથે રજૂ કરવાનો હોય |
| 41 | આઇટમ બે વખત સૂચિબદ્ધ થયેલી હોય |
| 42 | પેપર મળ્યું ન હોય |
| 60 | બે બેન્ક પર ક્રોસ કરાયો હોય |
| 61 | ક્રોસ કરેલો સ્ટેમ્પ કેન્સલ થયેલો ન હોય |
| 62 | ક્લિયરિંગ સ્ટેમ્પ કેન્સલ થયેલો ન હોય |
| 63 | ઇન્સ્ટ્રુમેન્ટ ચોક્કસપણે બીજી બેન્ક પર ક્રોસ થયેલો હોય |
| 67 | પેયીનું એન્ડોર્સમેન્ટ અનિયમિત હોય/ કલેક્ટ કરી રહેલી બેન્કની પુષ્ટિ જરૂરી હોય |
| 68 | ચિહ્ન / અંગુઠાના નિશાન દ્વારા થયેલા એન્ડોર્સમેન્ટને પ્રમાણીકરણની જરૂર હોય |
| 70 | એડવાઇસ મેજિસ્ટ્રેટ સીલ સાથે ન મળી હોય |
| 71 | એડવાઇસ પર રકમ / નામ અલગ હોય |

| | |
|---|---|
| 72 | સ્પોન્સર બેન્ક સાથે જે બેન્ક ઉપર ચેક લખાયો હોય તેનું ભંડોળ અપર્યાપ્ત હોય (સબ - |
| 73 | મેમ્બર્સને લાગુ પડે છે) પેયી દ્વારા બેન્કને અલગ ડિસ્ચાર્જની જરૂર હોય |
| 74 | 1લી પ્રોક્સિમો સુધી ચુકવવાપાત્ર ન હોય |
| 75 | પે ઓર્ડરમાં સામા હસ્તાક્ષરની જરૂર હોય |
| 76 | જરૂરી માહિતી વંચાણપાત્ર/ સાચી નથી |
| 80 | બેન્કનું પ્રમાણપત્ર સંદિગ્ધ / અપૂરતું છે / જરૂરી |
| 81 | ડ્રાફ્ટ જારી કરનારી કચેરી દ્વારા ખોવાઇ ગયો છે; જારી કરનારી કચેરી તરફથી પુષ્ટિ જરૂરી છે |
| 82 | બેન્ક / બ્રાન્ચ બ્લોક કરી દેવામાં આવી છે |
| 83 | ડિજિટલ સર્ટિફિકેટની માન્યતા નિષ્ફળ રહી છે |
| 84 | અન્ય કારણો - કનેક્ટિવિટી નિષ્ફળતા |
| 87 | 'પેયીનું ખાતું જમા કરાયું છે' - સ્ટેમ્પ જરૂરી છે |
| 92 | બેન્ક બાકાત રાખવામાં આવી છે |

**ક્રોસબોર્ડર / FYC ચેકના કલેક્શન માટે દસ્તાવેજીકરણ અને અનુપાલન**

**ગ્રાહકની જવાબદારીઓ:**

- તમામ વ્યવહારો માટે, ગ્રાહકોએ વ્યવહારનો હેતુ અને જરૂરિયાત મુજબ કોઈ સમર્થનકારી દસ્તાવેજો પુરા પાડવા આવશ્યક છે.
- વ્યક્તિગત રેમિટન્સ માટે, નાણાં મોકલનાર અને લાભાર્થી વચ્ચે સંબંધ સંબંધિત વિગતો મેળવવા માટે શાખાઓ જવાબદાર છે.
- Institutional Banking Group (IBG) ગ્રાહકો વતી મળેલા ચેક માટે, શાખાઓએ જે-તે લાગુ પડતો હેતુ કોડ અને સંબંધિત ઇનવૉઇસ નકલો કલેક્ટ કરવી આવશ્યક છે.

**શાખાની જવાબદારીઓ (મધ્યસ્થ કામગીરીઓ માટે ચેક મોકલતાં પહેલાં):**

- **ચેક સબમિટ કરતા પહેલાં કરવાની ચકાસણી:** કલેક્શન માટે મુંબઈ સેન્ટ્રલ ઓપરેશન્સ (રોકડ ઓપરેશન્સ ITT)ને ચેક મોકલતાં પહેલાં શાખાઓએ નીચેની બાબતો સુનિશ્ચિત કરવી આવશ્યક છે:

- ગ્રાહકનું ખાતું તમારા ગ્રાહકને જાણો (KYC)ના ધોરણોનું પાલન કરે છે.
- Legal Enforcement Agency (LEA)અથવા અન્ય કારણોસર ખાતું ટાંચમાં લેવામાં આવ્યું નથી.
- કલેક્શન ચાર્જિસ આવરી લેવા માટે પર્યાપ્ત ભંડોળ ઉપલબ્ધ છે.

- **સ્કેનિંગ અને ટ્રેકિંગ:** કાર્યક્ષમ ટ્રેકિંગ અને ફોલો-અપ માટે સ્થાનિક શાખાઓએ તમામ વિદેશી ચલણ (FCY)ના ચેક અને Transaction Information Workflow (TIW) સિસ્ટમમાં વિનંતી પત્રો સ્કેન કરશે.
- **દસ્તાવેજ જાળવણી:** શાખાઓએ બેન્કની ફિઝિકલ ડોક્યુમેન્ટ સ્ટોરેજ પોલિસી અનુસાર ગ્રાહકો પાસેથી પ્રાપ્ત થયેલા તમામ ચેક અને સંલગ્ન દસ્તાવેજોની સંપૂર્ણ નકલો જાળવવી, સંગ્રહ કરવો અને સાચવવી આવશ્યક છે.

**સેન્ટ્રલ ઓપરેશન જવાબદારીઓ (ચેક પ્રાપ્ત થવા પર):**

- **ચકાસણી:** સેન્ટ્રલ ઓપરેશન ટીમ EWSS સ્ક્રીનિંગ માટે બેન્કની નીતિઓનું પાલન કરીને કોઈ સંભવિત સામ્યતાઓ ઓળખવા માટે Electronic Watchlist Screening System (EWSS) મારફતે ચેક લખનાર, ચેક લખાવી લેનાર અને પેયીના નામની ચકાસણી કરશે.
- **ટ્રૂ હિટ્સ:** "ટ્રૂ હિટ"ના પ્રસંગે (પુષ્ટિ થયેલી સામ્યતા), કેસ ઓપરેશન્સ ટીમ સંબંધિત શાખાને તેની જાણ કરશે અને ચેક રિટર્ન કરશે.

**ગ્રાહકના ખાતામાં રકમ જમા કરવી (Nostro ક્રેડિટ પર):**

એક વખત ક્રેડિટ Nostroખાતામાં જોવા મળે ત્યારબાદ ચલણ ઉપર આધાર રાખતા જુદા-જુદા કૂલિંગ પિરિયડ સાથે "ક્લિયર ફંડ"ના આધાર પર નાણાને ગ્રાહકના ખાતામાં પસાર કરવામાં આવશે.

- **USD:** અમારા Nostroમાં ક્રેડિટ તારીખથી કામકાજના 21 દિવસોના કૂલિંગ પિરિયડ બાદ જમા થયેલી રકમ ખાતામાં પસાર કરવામાં આવશે.
- **SGD:** અમારા Nostroમાં ક્રેડિટ તારીખ બાદ કામકાજના પછીના દિવસે જમા થયેલી રકમ ખાતામાં પસાર કરવામાં આવશે.
- **GBP:** અમારા Nostroમાં ક્રેડિટ તારીખ પછીના કામગીરીના વ્યાવસાયિક દિવસે ક્રેડિટ પાસ કરવામાં આવશે.

- **અન્ય ચલણોઃ** અમારા Nostroમાં ક્રેડિટ તારીખ પછીના વ્યાવસાયિક દિવસે જમા થયેલી રકમ ખાતામાં પાસ કરવામાં આવશે, પરંતુ શરત તે છે કે ક્રેડિટ ક્લિયર ફંડના આધારે થયેલી છે.

રજાની ગોઠવણઃ

- જો ગણતરી કરવામાં આવેલો ક્રેડિટ દિવસ ભારતમાં રજાના દિવસે હોય તો ક્રેડિટની પ્રક્રિયા આગામી કામકાજના દિવસે (શનિવાર સિવાય) હાથ ધરવામાં આવશે.

જો ગ્રાહકના ખાતામાં ક્રેડિટ ઉપરોક્ત નિર્ધારિત કરેલી અંતિમ તારીખો બાદ વિલંબથી કરવામાં આવે તો વિલંબના સમયગાળા માટે પ્રવર્તમાન ધરેલું બચત બેન્કના વ્યાજ દરો અનુસાર વળતર ચુકવવામાં આવશે. DBS ઇન્ડિયા ગ્રાહકો માટે FCY ચેક ક્લિયર કરવામાં આવે છે જોકે કલેક્ટિંગ બેન્ક તરીકે DBS India DBS Singapore દ્વારા જારી કરાતાં SGD ડ્રાફ્ટ્સ પણ ક્લિયર કરે છે.

## વિલંબિત કલેક્શન માટે વ્યાજની ચુકવણી

સતત ચાલુ રહેલા ક્લિયરિંગ અંતર્ગત, ચેકની પ્રક્રિયા અને ગ્રાહકોને પેમેન્ટ સતત અને રિયલ-ટાઇમ ધોરણે ચુકવવામાં આવશે. પોઝિટિવ/નેગેટિવ કન્ફર્મેશનની માહિતી ચેકની પ્રક્રિયા કર્યા બાદ તરત જ ચેક પ્રાપ્તકર્તા બેન્ક દ્વારા ક્લિયરિંગ હાઉસને મોકલવામાં આવશે. ચેક રજૂ કરનારી બેન્ક તેની પ્રક્રિયા કરશે અને ગ્રાહકને તાત્કાલિક તેની ચુકવણી જારી કરશે, પરંતુ સામાન્ય સલામતીના ધોરણોને આધીન, આવી ચુકવણી સફળ સેટલમેન્ટથી 1 કલાક કરતાં વધારે મોડી રહેશે નહીં.

**તબક્કા 1 દરમિયાન (ઓક્ટોબર 4થી તબક્કા 2ના અમલીકરણ સુધી)**: ચેક પ્રાપ્તકર્તા બેન્કે મોડામાં મોડું કન્ફર્મેશન સેશન (એટલે કે સાંજે 7 વાગ્યા સુધી)ની સમાપ્તી સુધી તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા ચેકનું પુષ્ટિકરણ (હકારાત્મક/નકારાત્મક) કરવાની જરૂરિયાત રહેશે.

**તબક્કા 2માં, ચેકની સમાપ્તીનો સમય T+3 ક્લિયરિંગ કલાક પર બદલવામાં આવશે.** ઉદાહરણ તરીકે, સવારે 10:00થી સવારે 11:00ની વચ્ચે ચેક પ્રાપ્તકર્તા બેન્કને પ્રાપ્ત થયેલા ચેક બપોરે 2:00 (સવારે 11:00 વાગ્યાથી 3 કલાક) સુધીમાં હકારાત્મક અથવા નકારાત્મક રીતે પુષ્ટિ કરવાની રહેશે.

DBS Bank તેના ગ્રાહકોને ઉપરોક્ત ઉલ્લેખ કરેલી સમયમર્યાદાથી વધુ થયેલા વિલંબના સમયગાળા માટે વિલંબિત નાણા જમા કરવા ઉપર તેના ગ્રાહકોને વ્યાજ ચુકવશે. બેન્કની વળતર નીતિ દિશાનિર્દેશો અનુસાર ગ્રાહક તરફથી કોઈપણ દાવાની જરૂરિયાત વગર વિલંબના સમયગાળા માટે વળતર ચુકવવામાં આવશે. (પ્રસ્તાવિત - ચેકના વાસ્તવિક નાણા જમા થયાની તારીખ બાદ) તે "અન્ય બેન્કો દ્વારા જો વિનંતી કરવામાં

આવી હોય તો પૂર્વ સંદેશા વ્યવહાર અને ક્લિયરિંગ સમય લંબાવવા" સાથે સંબંધિત અપવાદો આવરી લેવાનો હેતુ ધરાવે છે.

**ચેકનો અનાદર / રિટર્ન**

જો કલેક્શન માટે મોકલવામાં આવેલો ચેક ચુકવણી વગર રિટર્ન થાય તો લાગુ પડતાં ચાર્જિસ અને તેનું વ્યાજ વસૂલ કર્યા બાદ ખાતામાંથી તાત્કાલિક ચેકના મૂલ્ય જેટલી રકમ ડેબિટ કરવામાં આવશે.ઉપરોક્ત વ્યવસ્થાઓ તમામ ગ્રાહકોએ કરેલા ચેક ડિપોઝિટ માટે લાગુ પડશે. ઉપરોક્ત વ્યવસ્થાઓ તમામ ગ્રાહકોએ કરેલા ચેક ડિપોઝિટ માટે લાગુ પડશે. અનાદર થયેલા ઇન્સ્ટ્રુમેન્ટ વિલંબ વગર તરત જ ગ્રાહકોને રિટર્ન / ડિસ્પેચ કરવામાં આવશે, જે કોઈપણ કિસ્સામાં 24 કલાકની અંદર હશે. વધુમાં,

1. કલેક્શન માટે મોકલવામાં આવેલો ચેક ચુકવણી વગર પરત ફરે તો ચેકના મૂલ્યની રકમ ખાતામાંથી તરત જ ઉધાર કરવામાં આવશે. નાણા જમા ન થયા હોય તે સમયગાળા માટે બેન્ક ક્લિન એડવાન્સ રેટ પર વ્યાજ વસૂલ કરશે.
2. જો ચેકની રકમ બચત બેન્ક ખાતામાં જમા કરવામાં આવ્યાં હોય અને ઉપાડ કરવામાં આવ્યાં ન હોય તો આ રીતે જમા કરવામાં આવેલી રકમ જ્યારે ચેક ચુકવણી વગર પરત ફરે ત્યારે આ રીતે જમા કરવામાં આવેલી રકમ વ્યાજની ચુકવણી માટે પાત્રતા ધરાવશે નહીં.
3. જો ચેકની રકમ ઓવરડ્રાફ્ટ / લોન / ક્રેડિટ કાર્ડ એકાઉન્ટમાં જમા કરવામાં આવી હશે તો જે સમયગાળા માટે બેન્ક પાસે નાણા રહ્યાં ન હોય તે સમયગાળા માટે જો ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સ ચુકવણી વગર પરત ફરે તો આવી રકમ જમા થયાની તારીખથી એન્ટ્રી ઉલટાવવામાં ન આવે તે તે તારીખ સુધી ઓવરડ્રાફ્ટ/લોન પર લાગુ પડતા વ્યાજ દરો ઉપરાંત 2%ના દરે વ્યાજ વસૂલવામાં આવશે.
4. જેના માટે બેન્કે ક્રેડિટ પુરી પાડી હોય તેવો કલેક્શન માટે મોકલવામાં આવેલો ચેક ચુકવણી વગર પરત ફરે તો જો એકાઉન્ટ આવી રકમ ઉધાર કરવાના કારણે ડેબિટ બેલેન્સમાં જાય તેમ છતાં ચેકના મૂલ્યને ખાતામાંથી તાત્કાલિક ઉધાર કરવામાં આવશે અને બાકી સિલકને કોઈ અન્ય સ્પષ્ટ ઓવરડ્રાફ્ટ ગણવામાં આવશે. જે સમયગાળા માટે બેન્ક પાસે નાણા ન રહ્યાં હોય તે સમયગાળા માટે બેન્ક ક્લિન એડવાન્સ દરે વ્યાજની વસૂલાત કરશે.
5. બેન્ક RBIના દિશાનિર્દેશોનું ચુસ્તપણે પાલન કરીને, સમયાંતરે લાગુ પડતાં દરોએ "ચેક રિટર્ન ચાર્જિસ" પણ વસૂલ કરશે.

**હેરફેર દરમિયાન ગુમ થયેલો ચેક**

જ્યારે બેન્ક દ્વારા કલેક્શન માટે સ્વીકારવામાં આવેલો ચેક અથવા ઇન્સ્ટ્રુમેન્ટ ત્યારબાદ તેની હેરફેર દરમિયાન ગુમ થાય તો તે પ્રસંગે, બેન્ક, ચેક ગુમ થયા હોવાની જાણકારી મળવા પર, ગ્રાહકને તાત્કાલિક તેની જાણકારી આપશે જેથી ખાતાધારક ચેક લખી આપનારને ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવવા માટે જાણ કરી શકે અને વધુમાં તે વાતનું ધ્યાન રાખી શકે કે ગુમ થયેલા ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સની રકમ ખાતામાં જમા નહીં

થવાના કારણે તેના દ્વારા જારી થયેલા અન્ય ચેકનો અનાદર ન થાય. બેન્ક ચેકના લખી આપનાર પાસેથી ડુપ્લિકેટ ઇન્સ્ટ્રુમેન્ટ મેળવવા માટે ગ્રાહકને તમામ સહાયતા પુરી પાડશે. બેન્ક ક્લિયરિંગમાં અથવા કલેક્શન માટે મોકલવામાં આવેલા ઇન્સ્ટ્રુમેન્ટ બદલવા માટે કોઈ વધારાના ચાર્જિસ લગાવશે નહીં. બેન્ક સંબંધિત દસ્તાવેજી પુરાવા રજૂ કરવા પર, ડુપ્લિકેટ ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સ મેળવવા માટે ગ્રાહકને થયેલા કોઈ સીધા અથવા વાજબી ચાર્જિસ માટે વળતર અને બેન્કની વળતર નીતિ સાથે સુસંગત તેને મેળવવામાં થયેલા વાજબી વિલંબ માટે વ્યાજ ચુકવશે.

બેન્કે ડુપ્લિકેટ ઇન્સ્ટ્રુમેન્ટ મેળવવામાં ખાતા ધારકને થયેલા સુસંગત ખર્ચાઓની ભરપાઇ કરવી જોઈએ અને તેને મેળવવા માટે થયેલા વાજબી વિલંબ માટે વ્યાજ ચુકવવું જોઈએ.

વધુમાં, બેન્ક પ્રયાસ કરશે કે ગુમ થયેલા ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સની રકમ ખાતામાં જમા નહીં થવાના કારણે તેમના દ્વારા જારી કરવામાં આવેલા અન્ય ચેકનો અનાદર કરવામાં ન આવે. આવા નુકસાનની જવાબદારી ચેક કલેક્ટ કરનાર બેન્કની છે, ખાતાધારકની નહીં.

**કુદરતી આપદા**

કુદરતીઆપદાના પ્રસંગોએટલે દૈવીકૃત્યો, પૂર, દુકાળ, ભૂકંપ અથવા અન્ય કુદરતી હોનારત અથવા પરિસ્થિતિ, આપદા, રોગચાળો અથવા મહામારી, ત્રાસવાદી હુમલો, યુદ્ધ અથવા હુલ્લડ, અણુ, રાસાયણિક અથવા જૈવિકચેપ, ઔદ્યોગિક કાર્યવાહી, વીજ પુરવઠો ખોટકાવવો, કમ્પ્યુટર વ્યવસ્થ પડી ભાંગવી અથવા ખોટકાવવી અને ઇમારતોનું ધસી પડવું, આગ, વિસ્ફોટ અથવા અકસ્માત અથવા આવા અન્ય કૃત્યો જે બેન્કના વાજબી નિયંત્રણની બહાર છે.

જ્યાં સુધી આવા કુદરતી આપદાના પ્રસંગો અથવા કામગીરી કરવા માટે અશક્ય બનાવે તેવી પરિસ્થિતિ ચાલુ રહે ત્યાં સુધી બેન્ક સંબંધિત જવાબદારીઓનું પાલન મુલતવી રહેલું ગણાશે. બેન્ક પોતાનો શ્રેષ્ઠ પ્રયત્નો હાથ ધરીને કુદરતી આપદાના પ્રસંગોને લઘુતમ કરવા માટે વાજબી કાર્યવાહી(ઓ) હાથ ધરવા માટે કટિબદ્ધ છે. કોઈપણ ઔદ્યોગિક કાર્યવાહી, વીજ પુરવઠો ખોરવાય, કમ્પ્યુટરમાં ભંગાણ અથવા ખોટકાવાના કિસ્સામાં, બેંક તેની સેવાઓ પૂરી પાડવામાં વિલંબ ઘટાડવા માટે વાજબી પગલાં લેશે અને તેના ગ્રાહકોને અવિરત સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરશે.

## 3 સંચાલન

### 3.1 માલિકી અને મંજૂરકર્તા સત્તાધિકારી

DBS Bank India Ltd. (DBIL) એ DBS Bank Ltd. (DBL)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની (WOS) છે, જેનું મુખ્યમથક સિંગાપોરમાં છે. શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાના સંદર્ભમાં, DBIL જટિલ, લાંબા ગાળાના, મોટા અથવા મહત્વપૂર્ણ વ્યવહારો સાથે વ્યવહાર કરતી વખતે DBLના અનુભવ અને કૌશલ્યનો ઉપયોગ કરશે જેથી ખાતરી કરી શકાય કે જૂથના લઘુત્તમ સ્વીકૃતિ માપદંડોનું પાલન થાય છે.

આ નીતિ જારી કર્તાની માલિકીની ગણાશે અને બેન્કના બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવશે.

### 3.2 વિચલન

કોઈપણ ઉમેરા સહિત કોઈપણ વિચલન, જો હોય તો, અપવાદરૂપ ધોરણે રહેશે અને જારીકર્તા દ્વારા તેનું દસ્તાવેજીકરણ અને બેન્કના બોર્ડ દ્વારા તેને મંજૂર કરાવવું આવશ્યક રહેશે. કોઈપણ ફેરફાર જે નોંધપાત્ર પ્રકારના નહીં પરંતુ પ્રાસંગિક અથવા વહીવટી સ્વરૂપના હોય તેને મંજૂરકર્તા સત્તાધિકારી દ્વારા હસ્તાક્ષર કરવાના રહેશે નહીં. કોર્પોરેટ ગ્રાહકો માટે ચેકનું કલેક્શન સેવા ઉપલબ્ધ કરાવતી વખતે કોર્પોરેટ ગ્રાહકો સાથે મંજૂર થયેલી શરતા અનુસાર રહેશે.

### 3.3 સમીક્ષા

આ પોલિસીની વાર્ષિક ધોરણે સમીક્ષા (ત્રણ મહિના સુધીના મુક્તિ સમયગાળા સાથે) અથવા જ્યારે સતત સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે વસ્તુલક્ષી ફેરફારો જરૂરી/ વાજબી હોય.

| અનુસૂચિ 1 વિચલનોની નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| **અમલની તારીખ** | **વિભાગ** | **સમર્થન કરનાર અને સમર્થનની તારીખ** | **મંજૂરકર્તા અને મંજૂરીની તારીખ** | **વિચલનનું વર્ણન** | **વિચલનનું કારણ** |
| દિદિ મમ વવવવ | આ દસ્તાવેજમાં વિચલન જ્યાં વિચલન થયું હોય | વિચલન માટે અરજી કરી હોય તે જૂથ/દેશ યુનિટ/ફંક્શનના વડા દ્વારા સમર્થન<br><br>સમર્થનની તારીખઃ દિદિ મમ વવવવ | વિચલન માટે દસ્તાવેજના માલિક દ્વારા મંજૂરી<br><br>મંજૂરીની તારીખઃ દિદિ મમ વવવવ | આ કલમમાં લાગુ પાડવામાં આવેલા વિચલનનું વર્ણન કરે છે. | આ વિચલન માટેના કારણો સમજાવે છે |
| - | - | - | - | - | - |

| અનુસૂચિ 2 સંસ્કરણ ઇતિહાસ | | |
|---|---|---|
| **સંસ્કરણ** | **પ્રસિદ્ધિ તારીખ** | **ફેરફારની મુખ્ય વિગતો** |
| 1.0 | મે 2019 | પ્રથમ પ્રસિદ્ધિ (સંપૂર્ણ માલિકીની પેટા કંપની તરીકે DBS Indiaના સમાવેશ બાદ) |
| 2.0 | ફેબ્રુઆરી 2022 | તમામ DBIL શાખાઓને પોલિસી લાગુ કરવા માટે શાખાઓની સંદર્ભ સૂચિ દૂર કરવામાં આવી છે.<br>જ્યાં CTS ક્લિયરિંગમાં મોટાભાગની બેન્કો ભાગ લે છે ત્યાં વર્તમાન ચેક દર્શાવવા માટે ભાષા અપડેટ કરવામાં આવી છે. |
| 3.0 | જાન્યુઆરી 2026 | ઓન-રિયલાઇઝેશન ચેક ક્લિયરિંગના ભાગરૂપે ફેરફારો |